ડો. પી. એસ. પટેલ
આસી. પ્રોફેસર ઈતિહાસ
એમ.એન.કોલેજ,વિસનગર

## ઈન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિક (૧૮૯૨ થી ૧૯૭૨)

૧૯૩૫ માં આખરે વિદેશથી દેશમાં આવતાં રાષ્ટ્રીય ભાષા, રાષ્ટ્રીય વ્યાયામ અને કિસાન પ્રવૃતિએ ત્રણ વિષય પર એકાગ્ર થવાનો નિર્ણય કરેલો. કોંગ્રેસના ચુસ્ત કાર્યકરોના પ્રોત્સાહનથી માતરના ખેડૂતોની મારફત કિસાન પ્રવૃતિમાં સામેલ થયા. ત્યાર બાદ મીરાખેડી પરિષદ અને લખનૌ ઈન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિક નો જન્મ ૨૨મી ફેબ્રુઆરી ૧૮૯૨ના રોજ ખેડા જિલ્લાના નડિયાદ મુકામે થયો હતો. બી.એ. નો અભ્યાસ ગુજરાત કોલેજ અમદાવાદ, અને એલ.એલ.બી.નો અભ્યાસ સેંટઝેવિયર કોલેજ મુંબઈમાંથી કર્યો. ઈન્દુલાલ યાજ્ઞિકને આપણે ઈન્દુચાચાના હુલામણા નામથી ઓળખીએ છીએ. તેઓ સ્વાતંત્રસેનાની, રાજકારણી, લેખક, એડિટર, ફિલ્મ મેકર અને સમાજવાદી નેતા હતા. તેમને મુંબઈ સમાચાર માં નોકરી કરી. ગુજરાત કિસાન પરિષદ, અખિલ ભારત કિસાન સભા,ગુજરાત ખેડૂત સભા, મહાગુજરાત ચળવળ, જનતા પરિષદમાં અગત્યનો ભાગ ભજવ્યો, ઈન્દુ ચાચા બહુમુખી પ્રતિભા અને શકિત ધરાવતા હતા. શ્રમ, થાક કે સમય આ ત્રણમાંથી કશાની ભાગ્યે જ તમા કરતા હતા. વડોદરા જિલ્લાના સંખેડા મેવાસ ખેડૂતોને ઠાકોરોની ધૂંસરીમાંથી છોડાવવાએ અમદાવાદથી ગાડીમાં તેઓ નીકળી પડતા હતા.[1]

૧૯૩૫ માં આખરે વિદેશથી દેશમાં આવતાં રાષ્ટ્રીય ભાષા, રાષ્ટ્રીય વ્યાયામ અને કિસાન પ્રવૃતિએ ત્રણ વિષય પર એકાગ્ર થવાનો નિર્ણય કરેલો. કોંગ્રેસના ચુસ્ત કાર્યકરોના પ્રોત્સાહનથી માતર ના ખેડૂતોની મારફત કિસાન પ્રવૃતિમાં સામેલ થયા. ત્યાર બાદ મીરાખેડી પરિષદ અને લખનૌ મુકામે અખિલ હિંદ કિસાન સભાની સ્થાપનામાં અગત્યની ભૂમિકા ભજવી હતી. તેમણે ૧૯૩૭ ની આખર સુધી ગુજરાતમાં તેમના પર પ્રવેશબંધી ફરમાવી હોવાથી મુંબઈમાં રહી તેમણે અખિલ ભારત કિસાન સભા તેમન જ ગુજરાત કિસાન સભાની પ્રવૃતિઓ કરતા હતા.[2] તેમણે અખિલ ભારત કિસાન સભાના પ્રમુખ, મંત્રી તેમજ ઉપપ્રમુખ તરીકે કિસાન સભાના પ્રચાર માટે **'કિસાન બુલેટીન'** નામનું સમાચારપત્ર શરૂ કર્યુ. અને આખિલ ભારતમાં કિસાન સભાની સ્થાપના થાય તે માટે મહારાષ્ટ્ર, દિલ્હી, બિહાર, આંધ વગેરે પ્રદેશમાં સંગઠન માટે ફરતા રહ્યા. ૧૯૩૮ માં હરિપુરા મુકામે કોંગ્રેસ અધિવેશન વખતે પાંગારકર જેવા જૂના સહયોગીના સહકારથી ગુજરાતમાં પહેલો કિસાન મોરચો કાઢયો અને કિસાન સભાની સ્થાપના કરી. આ પછી ગુજરાતમાં માંડવી-માંગરોળ તાલુકામાં પણ કિસાન સભાનો પ્રચાર અને જંગ જમાવી દીધો હતો.૧૯૩૯માં અમદાવાદમાં કિસાન કાર્યાલયની તેમણે સ્થાપના કરી ઉત્તર ગુજરાતમાં કિસાન લડત જમાવી હતી.[3]

૧૯૩૬થી ૧૯૭૨ સુધી સુધી એકધારી રાજકીય અને કિસાનોની પ્રવૃતિ ચલાવી હતી. તેમણે ગુજરાત

કિસાન સભાના ઉપક્રમે એક પછી એક સાત કિસાનપરિષદો ભરી કિસાનોના દુઃખો અને પ્રશ્નોને વાચા આપી હતી. કિસાનોના બાળકોને શિક્ષણ, તાલીમ, કેળવણી વગેરે મળે તે માટે તાલીમી શાળાની સ્થાપનાઓ પ્રતાપપુરા, ઉદવાડા,નેનપુર વગેરે સ્થળોએ શરૂ કરી હતી. કિસાનોમાં જાગૃતિ આવે તેટલા માટે તેમણે અમદાવાદમાં "કિસાન પુસ્તકાલય" પણ શરૂ કર્યું હતું.તેમણે આખા ગુજરાતમાં ફરીને કિસાન સભાનો પ્રચાર કર્યો અને કિસાનોની એકતા માટે પ્રચાર કયો હતો.

તેમણે અમદાવાદ જિલ્લા કિસાન સભાના પ્રચાર માટે વૌઠાના મેળામાં પત્રિકાઓ વહેંચવા એક સ્ટોલ ઊભો કરી કિસાન સભા ભરી પ્રચાર કર્યો. તેમણે દાહોદ ગોધરા વિસ્તારમાં કમળા શંકર પંડયા જેવા સાથીની મદદથી કિસાન સભાની પ્રવૃતિઓ કરી. સુરત જિલ્લામાં ડી.એમ. પાંગારકર, જીવણભાઈ ધનજીભાઈ ચૌધરી, રામજી-ભાઈ ચૌધરી, ઠાકોરભાઈ ખાનદાસ પટેલ અને બરોરજી વિકાજી ભરૂચા જેવા સાથીઓની મદદથી કિસાન પ્રવૃતિઓ કરી હતી. પંચમહાલ અને ભરૂચ જિલ્લામાં ઝવેરભાઈ પટેલ, છોટુભાઈ શુકલા, ઝીણાગીર આર્ય જેવા સહયોગીની મદદથી કિસાન પ્રવૃતિઓ કરી. વડોદરા રાજયમાં જમનાદાસ કોન્ટ્રાકટર, નરહરિ પટેલ, રાજેન્દ્ર શાહ, મોતીભાઈ પટેલ જેવા સહયોગી મિત્રોની મદદથી કિસાન પ્રવૃતિઓ કરી. ખેડા જિલ્લામાં ક્રાંતીલાલ દવે, ફૂલસિંગ ડાભી, નથ્થુભાઈ સોલંકી,પ્રો.ચંદુભાઈ પટેલ, જયંતી પારેખ વગેરે સહયોગી મિત્રોનો સાથ મેળવી કિસાન પ્રવૃતિ ઓ કરી. જયારે ઉત્તર ગુજરાત કિસાન સભા માટે ચંદ્રાભાઈ કાલીદાસ ભટ્ટ, બાબુભાઈ પટેલ રાજગુરુ, સરોજિની હઠીસિંગ, ભાઈલાલભાઈ પટેલ, સોમાભાઈ પટેલ જેવા કાર્યકરો અને કચ્છમાં કૃષ્ણલાલ માંકડ, પ્રાણલાલ શાહ વગેરે જેવા કાર્યકરો નો સાથ મેળવી કિસાન સભાનો પ્રચાર અને સંગઠનનું કામ કર્યું. આમ સાચે જ ગુજરાત કિસાન સભાને આખા ગુજરાતની કિસાનોની સંસ્થા તરીકે જતન કર્યું હતું.

તેમણે કિસાનોને પારો ચઢાવતાં વેજલપુરના જમીનદારો એક જમાનામાં કિસાનો પાસેથી ફાવે તેટલી મગફળી લેતા હતા તેની સામે લડત આપેલી હતી. પછી વાંકલમાં તો હાળી મજૂરોની મુકિતની લડત થવાથી તેઓ આજે આઝાદ બની કેવી સારી રોજી મેળવે છે તે સમજાવ્યું.ગણોતનો કાયદો નહતો ત્યારે વાંકલમાં આધભાગની સામે લડત ચલાવેલી, તેમણે મુંબઈ સરકારના કાયદા મુજબ પાંચ પટ જ ગણોત આપવાની સમજૂતી આપી.ખાસ તો આ સભામાં સદીઓથી ગુલામીમાં વસતા લોકોને વહેમી,અજ્ઞાન અને બીકણ બનેલા તેમણે જોયા હતા. તેમના દિલમાંથી જમીનદારોની બીક અને શરમ દૂર કરીને અન્યાય અને જુલ્મ સામે હિંમત ભેર લડવાને આદેશ આપ્યો. જો માલિકો મજૂરી ન વધારે તો હડતાલ પાડવાની અને જમીનનો ઝઘડો થાય તો ચોકી કરવાની ઘોષણા પણ તેમણે કરી હતી.

જયારે કિસાન સભામાં સામ્યવાદીઓનું વર્ચસ્વ વધતાં તેમણે કિસાન સભામાંથી રાજીનામું આપ્યુ. અને ગુજરાત ખેડૂત સભા નામ આપી તેના પ્રમુખ ચૂંટાયા અને કિસાન પ્રવૃતિઓ ચાલુ રાખી. તેમણે આઝાદી બાદ પણ ગુજરાતમાં કિસાનોની મુશ્કેલીઓ રજૂ કરી તેના માટે સરકારી કચેરીઓ પર કૂચ લઈ જઈ તેમના પ્રશ્નો રજૂ કર્યા.

આ ઉપરાંત રાજપીપળા,મેવાસ-સંખેડા જેવા આદિવાસી ખેડૂતો હકો માટે તેમને લડત ચલાવી. ગુજરાતમાં પહેલી સ્પટેમ્બરે "કિસાન દિન" ની ઉજવણી, 'લવેટ દિન', 'માણસા દિન', 'વિજય દિન',' માંગરોળ દિન' જેવા દિવસો ઉજવી કિસાનોમાં જાગૃતિ લાવવાનું કામ કર્યું હતું.તેમણે પોતે જ પોતાના વિષે કહેલું કે "હું તો ઝૂંપડાનો માનવી છું પગથી પર જીવતો આદમી છું. ત્રીજા વર્ગની જનતાનો માનવી છું.ગરીબ કિસાનો વચ્ચે બેસવું,એમની ઝૂંપડીઓમાં જવું. અને તેમની વિચારધારા ઝીલવી, એ મારું કાર્ય છે. એ શ્રમજીવીઓના શ્રમ અને આદર્શો તથા મારી સેવાનો સમન્વય સધાશે તો હું જે ક્રાંતિ કરવા ધારું છું એ હું કરી શકીશ." આમ તેમણે પોતાનું આખુ જીવન કિસાન સભા અને તેની પ્રવૃતિમાં નિસ્વાર્થ ભાવે અર્પણ કરેલ જોવા મળે છે. આમ ઈન્દુલાલ યાજ્ઞિક ગુજરાત કિસાન સભા આંદોલનની ધોરી નસ સમાન હતા.

ગુજરાત કિસાન સભાને મકકમ મનોબળ અને લોખંડી ઈચ્છા શકિત ધરાવતા ઈન્દુલાલ યાજ્ઞિક જેવાનેતા મળ્યા હતા. તેઓ જે કામ હાથમાં લે તે પાર પાડયા વિના ચેનથી બેસતા નહીં, તેઓ કિસાનો, કામદારો, મિલ-મજૂરો, ખેતમજૂરો, રિક્ષાવાળા અને ગરીબો માટે આજીવન લડયા અને અલગારી ફકીર તરીકે જીવન જીવ્યા હતા. આમ ઈન્દુલાલ સાચા કિસાન સરદાર હતા તેમ કહી શકાય.

**:પાદટીપ :-**


૧. નંદલાલ દેવલું,(સંપાદક), "પથદર્શક પ્રતિભાઓ",૨૦૦૫,પૃ-૧૮૨

૨. એન.પી.એ.સ્મીથ,સંયુકત સચિવ,ગૃહવિભાગ,બોમ્બે સરકાર પત્ર નંબર-૧૮૨૩,તા.૧૭-૫-૪૦,(M.S.A.)

૩. રજની વ્યાસ ,"૨૦૦૦ મિલેનિયમ ફ્લેશબેક" અમદાવાદ,૨૦૦૦,પૃ-૨૭૨